# FAQ

## નવી પ્રાથમિક શાળા(ધોરણ ૧થી ૫, ધોરણ ૬ થી ૮)નોન ગ્રાંટેડ શરૂ કરવા અંગેની પ્રશ્નાવલી

**(૧) નવી પ્રાથમિક શાળા(ધોરણ ૧થી ૫, ધોરણ ૬ થી ૮)નોન ગ્રાંટેડ શરૂ કરવા કોણ અરજી કરી શકશે?**

મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ હેઠળ અથવા મંડળી રજીસ્ટ્રેશન એકટ-૧૮૬૦ (સન૧૮૬૦ ના ૨૧ મા) હેઠળ રજિસ્ટર્ડ થયેલ મંડળી અથવા તત્સમયે અમલમા હોય તેવા કોઇ કાયદાથી અથવા કંપની અધિનિયમ ૧૯૫૬(સન-૧૯૫૬ ના ૫હેલા) ની કલમ-૨૫ હેઠળ રસ્ટિર્ડ થયેલી હોય એવી સંસ્થા કરી શકશે.

**(૨) નવી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા અરજી કયારે કરી શકાય?**

દરવર્ષે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર તરફથી જાહેર વર્તમાન પત્રોમા ડિસેમ્બર અથવા જાન્યુઆરી માસમા જાહેરાત આપી આગામી શૈક્ષણિક વર્ષથી નવી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા અરજી કરવા અંગે સમય મર્યાદા સાથે જાહેર કરવામા આવે છે તે પ્રમાણે અરજી કરવાની હોય છે.

**(૩) અરજી કેવી રીતે કરવાની હોય છે?**

નવી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવાની અરજી જાહેરાતમા આપેલ વેબસાઇટ ઉપર ઓનલાઇન કરવાની હોય છે.

**(૪) સામાન્ય રીતે અરજી કરવા માટેની વેબસાઇટ કઇ હોય છે?**

ઓનલાઇન અરજી માટે નીચેની વેબસાઇટનો ઉપયોગ કરવો.

- www.ptcgujarat.org
- www.vidyasahayakgujarat.org.

**(૫) નવી શાળા મંજુરી માટે સરકારી ફી કેટલી હોય છે?**

નવી શાળા ની મંજુરી માટે ૨૫૦૦૦/- રૂપિયા યુનિટ દિઠ ભરવાના હોય છે. દા.ત. કોઇ ટ્રસ્ટ ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ એમ બંને યુનિટ શરૂ કરવા માંગતા હોયતો કુલ ૫૦૦૦૦/- હજાર ફી પેટે જમા કરાવવાના હોય છે. જો વધારાના વર્ગ ખોલવાના હોયતો વર્ગ દિઠ ૫૦૦૦/- રૂ. ફી ભરવાની હોય છે.

**(૬) નવી પ્રાથમિક શાળા માટે નિયત કરેલ ફી કયાં અને કેવી રીતે જમા કરાવવાની હોય છે?**

નિયત કરેલ ફી સરકારી ચલણથી "૦૨૦૨-જનરલ એજ્યુકેશન-૮૦૦-અધર રીસીપ્ટ" સદરે જમા કરાવવાના હોય છે.

**(૭) નવી પ્રાથમિક શાળા માટે નિયત કરેલ ફી ભરવાની કોઇ સમય મર્યાદા હોય છે કે કેમ?**

નવી શાળા શરૂ કરવાની જાહેરાતમા નિયત ફી ભરવા અંગે સમય મર્યાદા આપવામા આવેલ હોય છે જે સમય મર્યાદાની અંદર ચલણ ભરાઇ જવું જોઇએ.સમય મર્યાદા બહારના ચલણ માન્ય રહેતા નથી અને ફાઇલ નામંજુર પણ થઇ શકે છે.

**(૮) નવી પ્રાથમિક શાળા માટે ઓનલાઇન અરજી કર્યા બાદ ફાઇલ કયાં જમા કરાવવાની હોય છે?**

નગરપાલિકા / મહાનગરપાલિકા વિસ્તાર માટે શાળા શરૂ કરવા માંગતા હો તો જિલ્લા સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની કચેરીમા અને જો જિલ્લા પંચાયત વિસ્તાર માટે શાળા શરૂ કરવા માંગતા હો તો સંબંધિત જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીમા ફાઇલ જમા કરાવવાની હોય છે.

**(૯) નવી પ્રાથમિક શાળા શરૂ કરવાની ફાઇલ સાથે કયા દસ્તાવેજી પુરાવા રજુ કરવાના હોય છે?**

ઓનલાઇન અરજી કરતી વખતે ફાઇલ સાથે જોડવાના સાધનિક પુરાવા ની યાદી વેબસાઇટ ઉપર મુકવામા આવે છે તે યાદી મુજબના પુરાવા ફાઇલમા રાખી ફાઇલ જમા કરાવવાની હોય છે. આમ છતાં સામાન્ય રીતે નીચે યાદી મુજબના પુરાવા જરૂરી હોય છે.

- ઓનલાઇન અરજી ની પ્રિન્ટ કોપી.
- ટ્રસ્ટ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની પ્રમાણિત નકલ/ કંપની રજીસ્ટ્રેશનની પ્રમાણિત નકલ
- ટ્રસ્ટીઓના નામ-સરનામા સહિત ટ્રસ્ટ ડીડ ની પ્રમાણિત નકલ/ કંપનીના કિસ્સામાં બોર્ડ ઓફ ડાયરેકટરની યાદી
- નિયત કરેલ ફી ના ચલણ અસલમા
- ટ્રસ્ટ/મંડળનું બેંક બેલેન્સ સર્ટી / કંપનીનું બેંક બેલેન્સ સર્ટી
- ટ્રસ્ટ ઓડિટ રીપોર્ટ ની નકલ / કંપનીના ઓડિટ રીપોર્ટની નકલ
- શાળાના મકાનના આધાર ( પોતાનું કે ભાડાનું)
- ભાડાનું મકાન હોયતો રૂ.૧૦૦ ના સ્ટેમ્પ ઉપર ૧૦ વર્ષનો ભાડા કરાર
- શાળાના મકાનનો નકશો તથા મકાનના ફોટોગ્રાફસ ( નકશામા રૂમના ક્ષેત્રફળ,મેદાનના ક્ષેત્રફળ સહિત) જે સક્ષમ અધિકારી દ્વારા પ્રામાણિત કરેલ હોય.
- મકાનવાળી જમીનનું એનએ/એનઓસી સર્ટીફીકેટ
- "મકાન વપરાશ યોગ્ય છે" તેવું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર
- ત્રણ કિમીની ત્રિજયામા આવતી શાળાઓના "ના વાંધા પ્રમાણપત્ર"
- સક્ષમ ઓથોરીટીનું ફાયર સેફટી સર્ટીફિકેટ.
- રાઇટ ટુ એજયુકેશન એકટ ૨૦૦૯ ની અનુસુચીમા જણાવ્યા મુજબ ભૌતિક સુવિધાઓ પુરતી અને પર્યાપ્ત છે તે બાબતના આધારો.
- બાળકોના મફત અને ફરજીયાત અધિકાર નિયમો ૨૦૧૨ ની અનુસુચી મુજબની બાંહેધરીઓ.
- સંભવિત સ્ટાફના નામ ,લાયકાત ની વિગત સાથેનું પત્રક
- શાળામા ધોરણવાર દાખલ થનાર સંભવિત બાળકોની યાદી/સંખ્યા.
- ટ્રસ્ટ કે મંડળની અન્ય સંસ્થાઓ ચલાવવામા આવતી હોય તો તેની વિગતો આધાર સાથે.
- રમત-ગમતનું મેદાનઃ શહેર વિસ્તાર માટે - ૧૨૦૦ ચો.મી., ગ્રામ્ય વિસ્તાર માટે - ૨૦૦૦ ચો.મી. જે NA થયેલ હોવું જોઈએ. રમત ગમતના મેદાન તરીકે સોસાયટીનો કોમન પ્લોટ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**(૧૦) નવી પ્રાથમિક શાળા શરૂ કરવા માટે ફાઇલ જમા કરાવ્યા પછી કયારે અને કેવી રીતે મંજુરી આપવામા આવે છે?**

સંબંધિત કચેરીએ ફાઇલ જમા કરાવ્યા બાદ સરકારી પ્રતિનિધી સ્થળ ખરાઇ તથા તપાસ માટે આવતા હોય છે. સરકારી પ્રતિનિધી સંસ્થાની મુલાકાત લઇ તેમનો અભિપ્રાય રજુ કરે છે. કચેરી ઉનાળાના વેકેશન દરમ્યાન રૂબરૂ હિયરીંગ રાખી માન્યતા આપવા કે નકારવાનો નિર્ણય કરતા હોય છે. જુનમા નવું સત્ર ખુલ્યા પહેલા સંબંધિત કચેરીએથી આદેશ આપવામા આવતા હોય છે.

**(૧૧) જો મંજુરી નકારવામા આવે તો, શું કરવું જોઇએ?**

સંબંધિત કચેરી તરફથી કારણો સહ મંજુરી નકારવામા આવે ત્યારે આદેશની નકલ સાથે જરૂરી પુરાવા જોડી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગર ખાતે અપીલ કરવાની હોય છે.

**(૧૨) કયા પ્રકારના મકાનમાં શાળા ચાલુ કરી શકાય ?**

સામાન્ય રીતે રહેણાંકના હેતુ /શૈક્ષણિક હેતુ માટે મંજૂરી મેળવેલ હોય તેવા મકાનમાં શાળા શરૂ કરી શકાય. વાણિજિયક હેતુ માટે મંજૂરી મળેલ હોય તેવા મકાનમાં શાળા શરૂ કરી શકાય નહી.